**ફોજદારી પરચુરણ અરજીનં.૩૯૪/૨૦૨૬ ના કામે આંક–૧ લગત હુકમ**

(૧) સદર અરજી અરજદારે આ કામના રીસ્પોન્ડન્ટ(મુળ ફરીયાદી) એ અમો અરજદાર વિરુધ્ધ ઈ.પી.કો.ક.૪૦૬,૪૨૦,૧૧૪ મુજબની ફરીયાદ કરેલ જેની ચાર્જશીટ દાખલ થયેલ જેનો ક્રિ.કે.નં.૨૮૩૮૩/૨૯૨૪ થી અમદાવાદ(ગ્રામ્ય)ના એડી.ચીફ જયુડી.મેજી.સાહેબની કોર્ટમાં દાખલ કરેલ જે અનુસંધાને આંક–૧૨ થી ડિસ્ચાર્જ અરજી દાખલ કરેલ તે અનુસંધાને નીચલી અદાલતે તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ નામંજુરનો હુકમ કરેલ જે હુકમથી નારાજ થઈ નામદાર કોર્ટમાં રીવીઝન રજુ કરેલ છે પરંતુ જે અરજદાર તેમના પુત્ર તથા માતા બિમાર હોય તેઓની સારવારમાં રોકાયેલ હોય તેમજ અરજદાર ડ્રાયવર હોય અલગ અલગ રાજયમાં ડ્રાઈવીંગમા જવાનુ હોય તેમજ તેઓને કાયદાની જોગવીઓ અંગેની જાણ ન હોય તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોય અને વકીલશ્રીનો સંપર્ક થઈ શકેલ ન હોય જે કારણોસર રીવીઝન અરજી દાખલ કરવામાં દિન–૧૬૦ નો વિલંબ થયેલ છે જે વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે અરજદાર તરફે સદર ડિલે અરજી અંગે આંક–૦૮ થી લેખીત દલીલો રજુ કરેલ છે જેમાં મહદઅંશે પોતાની ડિલે અરજી મુજબની રજુઆત કરેલ છે કે,સદર ગુન્હાના કામે આંક–૧૨ થી ડિસ્ચાર્જ અરજી દાખલ કરેલ તે અનુસંધાને નીચલી અદાલતે તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ નામંજુરનો હુકમ કરેલ જે હુકમથી નારાજ થઈ નામદાર કોર્ટમાં રીવીઝન અરજી રજુ કરેલ છે પરંતુ જે અરજદાર તેમના પુત્ર તથા માતા બિમાર હોય તેઓની સારવારમાં રોકાયેલ હોય તેમજ અરજદાર ડ્રાયવર હોય અલગ અલગ રાજયમાં ડ્રાઈવીંગમા જવાનુ હોય તેમજ તેઓને કાયદાની જોગવાઈઓ અંગેની જાણ ન હોય તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોય અને વકીલશ્રીનો સંપર્ક થઈ શકેલ ન હોય જે કારણોસર રીવીઝન અરજી દાખલ કરવામાં દિન–૧૬૦ નો વિલંબ થયેલ છે જો વિલંબ માફ નહી કરવામાં આવે તો અરજદારનો રીવીઝનનો કાયદેસરનો અધિકાર છિનવાઈ જશે અને અન્યાય થવાની સંભાવના છે જેથી વિલંબ માફ કરવા વિનંતી કરેલ

છે.

(૩) આ કામે રીસ્પોન્ડન્ટ તરફે ડિલે અરજી સામેવાંધો લઈ રજુઆત કરેલ છે કે, આ કામના અરજદારને સદર કેસની જાણ હતી અને બિમારીના જે કારણો દર્શાવેલછ ે તે ખોટા કારણો દર્શાવેલી જાણી જોઈને આરોપીએ રીવીઝન દાખલ કરવામાં ૧૬૦ દિવસ જેટલો વિલંબ કરેલ છે જેથી રીવીઝન દાખલ કરવા પરવાનગી આપી શકાય નહી અને સદર ડિલે માફ કરી શકાય નહી અરજદારની વિલંબ માફ કરવાની અરજીમાં ખોટા કારણો દર્શાવેલ હોય નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) આ કામનું સમગ્ર રેકર્ડ, બંને પક્ષોની રજુઆત તથા રજુ થયેલ દસ્તાવેજો ધ્યાને લીધા.આ કામે અરજદારે આ કામના રીસ્પોન્ડન્ટ(મુળ ફરીયાદી) એ અમો અરજદાર વિરુધ્ધ ઈ.પી.કો.ક.૪૦૬,૪૨૦,૧૧૪ મુજબની ફરીયાદ કરેલ જેની ચાર્જશીટ દાખલ થયેલ જેનો ક્રિ.કે.નં.૨૮૩૮૩/૨૯૨૪ થી અમદાવાદ(ગ્રામ્ય)ના એડી.ચીફ જયુડી. મેજી.સાહેબની કોર્ટમાં દાખલ કરેલ જે અનુસંધાને આંક–૧૨ થી ડિસ્ચાર્જ અરજી દાખલ કરેલ તે અનુસંધાને નીચલી અદાલતે તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ નામંજુરનો હુકમ કરેલ જે હુકમથી નારાજ થઈ નામદાર કોર્ટમાં રીવીઝન રજુ કરેલ છે પરંતુ જે અરજદાર તેમના પુત્ર તથા માતા બિમાર હોય તેઓની સારવારમાં રોકાયેલ હોય તેમજ અરજદાર ડ્રાયવર હોય અલગ અલગ રાજયમાં ડ્રાઈવીંગમા જવાનુ હોય તેમજ તેઓને કાયદાની જોગવીઓ અંગેની જાણ ન હોય તથા આર્થિક પરિસ્થિતિ સારી ન હોય અને વકીલશ્રીનો સંપર્ક થઈ શકેલ ન હોય જે કારણોસર રીવીઝન અરજી દાખલ કરવામાં દિન–૧૬૦ નો વિલંબ થયેલ છે જે માફ કરવા અરજ કરેલ છે તેની સામે સામાવાળાએ વાંધો લઈ જણાવે છે કે,વિલંબ અરજીમાં લખેલ કારણો ખોટા છે અરજદારને સદર હુકમની જે તે સમયે જાણ થઈ ગયેલ હતી જેથી રીવીઝન દાખલ કરવામાં જાણી જોઈને વિલંબ કરેલ હોય, વિલંબ માફ કરી શકાય નહી.જેથી અરજદારની વિલંબ અરજી નામંજુર કરવા અરજ કરેલ છે. પરંતુ આ કામે જો વિલંબ માફ

કરી અરજદારને રીવીઝન કરવા દેવામાં ન આવે તો અરજદાર પોતાના રીવીઝનના કાયદેસરના હકકથી વંચીત થઈ જાય તેમ હોય તેથી કુદરતી ન્યાયના સિધ્ધાંત ને ધ્યાને લેતા આ રીવીઝન દાખલ કરવામાં થયેલો વિલંબ માફ કરવા હુકમ કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવે છે તેમ ઠરાવી આ અરજી હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ અરજી મંજુર કરવા તથા અરજદારને રીવીઝન દાખલ કરવામાં થયેલ વિલંબ માફ કરી આ રીવીઝન રજીસ્ટરે લેવા આથી હુકમ કરવામાં આવે છે.

(૨) આ હુકમની યાદી સબંધિત બ્રાન્ચને અપીલ રજીસ્ટરે લેવા માટે કરવી.

હુકમ આજ તા.૧૬-મી, માહે-એપ્રિલ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૬/૦૪/૨૦૨૬
અમદાવાદ.

(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)
ચોથા એડીશ્નલ સેશન્સ જજ,
અમદાવાદ(રૂરલ),નવરંગપુરા
**Code No. GJ-00612**